## જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૨/૦૨/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૫**

ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૨૬૫/૨૦૦૧ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૧૧/૨૦૨૪ મુજબ ગુનાના કામે સંજુદેવી વા/ઓ ચંદ્રભાણસિંગ દલસિંગર ચૌહાણ (રહે. લાકડાના પીઠા ઉપર શાંતિનિકેતન સ્કુલ પાસે મોમાઈનગર પાછળ ઓઢવ અમદાવાદ, મુળ વતન. મુસ્કાબાદ તા.જી.જોનપુર ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એમ.બી.કોટક સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૧૮ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૫૬૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૧ બિયર ટીન અને ૧ બોલેરો પીક-અપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૨૪/૨૦૨૫**

**બોડકદેવઃ** મેહુલભાઈ વિનોદભાઈ ગોહેલ (ઉ.વ.૩૬) (રહે. મજુરગામ સોસાયટી ગીતા મંદિર રોડ કાંકરીયા) એ તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે થલતેજ ઝાયડસ હોસ્પીટલ રોડ સેલ પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પ્લોટ નંબર -૨/૩ મા "ડીલીવરી લીમીટેડ" નામની કુરીયર કંપની ખાતે ડીલીવરી કંપનીમાં એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા અભિષેક ચૌબે (રહે.ચોબેપુર પોસ્ટ-ચોબેપુર વારાણસી ઉત્તરપ્રદેશ) એ તા.૩૦/૧૧/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ડીલીવર થયેલ અલગ-અલગ કુરીયરના નાણાં ૧,૫૧,૫૪૩/- કંપનીમા જમા નહીં કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૫/૨૦૨૫**

**દાણીલીમડાઃ** ઇમરાન મહેબુબભાઇ નડીયાદવાળા (રહે. એમ.એસ.રેસીડેન્સી શક્તિ સોસાયટી ગેટ નંબર-૨ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ઘરની બહાર ચંપલ મુકવાના ખાનામાંથી ચાવી લઇ અજાણી વ્યક્તિ ઘરના દરવાજાનું તાળું ખોલી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૯૧૯/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એમ.પ્રણામી ચલાવે છે.

**ઈસનપુરઃ** અફજાનએહમદ સ/ઓ અનીસએહમદ પઠાણ (રહે. ગલી નંબર-૧૨ ગેટ નંબર-૧ સોનીનું ખેતર કાયનાત સ્કુલની ગલીમા ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૩,૬૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ ગોરાભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬/૨૦૨૫**

**મણીનગરઃ** શાંતાબહેન વા/ઓ શંકરભાઇ પટેલ (ઉ.વ.૬૫) (રહે. સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ શ્રીપાદ વાડી સામે દક્ષીણી સોસાયટી મણીનગર) તા.૧૧/૦૨/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે મણીનગર શ્રીપાદ વાડી સામે સિધ્ધાર્થ એપાર્ટમેન્ટના દરવાજા આગળ શાકભાજીની લારી પાસે ઉભા હતા દરમ્યાન એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ શાંતાબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાંતાબહેન પટેલ એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૭/૨૦૨૫**

**દાણીલીમડાઃ** દાણીલીમડા રાણીપુર પાટીયા કોમલ ટેક્સટાઇલ પાસે એરો કલોથીંગ પ્રા.લી.કંપની ખાતે રહેતા અને કંપનીમાં કામ કરતા રણજીતકુમાર સુરેશભાઇ ઠાકોર (ઉ.વ.૧૯) (મુળ વતન.ગામ-ભાંટરામ તા-ધાનેરા જી-બનાસકાંઠા) તા.૧૦/૦૨/૨૦૨૫ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે કંપનીના વોશીંગ મશીન નંબર-૭ ઉપર કામ કરતા હતા દરમ્યાન મશીન ઉપર પડતા મશીનનો ધક્કો વાગતા મશીન આગળ સ્ટેન્ડ ઉપરથી નીચે પડી જતાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એમ.પ્રણામી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી